eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 233
June 18, 2010

## તા.૧૩/૦૬/૨૦૧૦ના રોજ વિવિધ ઝોનોમાં યોજાયેલ તાપી નિમર્ળોત્સવ



જેના ખોળે સુરત શહેર અને શહેરીજનો સુખી અને સમૃધ્ધ બન્યા છે તે સૂર્યપુત્રી તાપી માતાને પુનઃશુધ્ધ અને સુચિતાપૂર્ણ બનાવવાના ઉદાત્ત ધ્યેયથી સુરત મહાનગરપાલિકાએ શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તા.૬/૬/૨૦૧૦થી તા.૨૭/૦૬/૨૦૧૦ દરમ્યાન "તાપી નિમર્ળોત્સવ" ઉજવવાનું નકકી કરેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની બેસ્ટ કામગીરી માટે એકસેલન્સ ઈન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એવોર્ડ

કોન્ફેડેરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ (**C.I.I.**) અને આંધ્ર પ્રદેશ ટેકનોલોજી ડેવલેપમેન્ટ એન્ડ પ્રમોશન સેન્ટર (**APTDC**) ના સંયુકત ઉપક્રમે સસ્ટેનેબલ સોલ્યુશન ફોર ગ્રીન એન્ડ કલીન અર્થ અંગેનો બે દિવસીય નેશનલ સીમ્પોઝીયમ તા. ૧૧–૧૨/૦૬/૨૦૧૦ ના રોજ હૈદરાબાદ ખાતે યોજવામાં આવેલ હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૩૮ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૮ મી નાટય સ્પર્ધા ઓગષ્ટ–સપ્ટેમ્બર માસમાં યોજવામાં આવનાર છે. આ નાટય સ્પર્ધામાં સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૧૫/૦૬/૨૦૧૦ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૧૩/૦૬/૨૦૧૦ના રોજ વિવિધ ઝોનોમાં યોજાયેલ તાપી નિમર્ળોત્સવ

જેના ખોળે સુરત શહેર અને શહેરીજનો સુખી અને સમૃધ્ધ બન્યા છે તે સૂર્યપુત્રી તાપી માતાને પુનઃશુધ્ધ અને સુચિતાપૂર્ણ બનાવવાના ઉદાત્ત ધ્યેયથી સુરત મહાનગરપાલિકાએ શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી તા.૬/૬/૨૦૧૦થી તા.૨૭/૦૬/૨૦૧૦ દરમ્યાન "તાપી નિમર્ળોત્સવ" ઉજવવાનું નકકી કરેલ છે.

જેના પ્રથમ ચરણ રૂપે જુદા જુદા ઝોનના કુલ ૮ (આઠ) ઓવારાઓ સેન્ટ્રલ ઝોન–નાવડીઓવારો, રાંદેર ઝોન –રામજી ઓવારો, વરાછા ઝોન–વેદરાજ, મહાપ્રભુજીની બેઠક તેમજ મૌની ઓવારો, કતારગામ ઝોન–વીયરકમ કોઝવેના સીંગણપોર તરફના કિનારા પર, અઠવા ઝોન – રામનાથ ઘેલા તેમજ ભગવાન કરૂણાસાગર ઓવારા પર તા. ૦૬–૦૬–૨૦૧૦ના રોજ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું.

તા. ૧૩/૦૬/૨૦૧૦ રવિવારના રોજ "તાપી નિર્મળોત્સવ" ના દ્વિતીય ચરણરૂપે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી નીચે જણાવેલા ઓવારા/ સ્થળોએ તાપી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું.





| ઝોન | | સ્થળ | સહયોગી સ્વૈચ્છિક સંસ્થાઓ |
|---|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | ડકકા ઓવારો | કહાર માંછીસમાજ, સુરત<br>યંગસ્ટારગૃપ |
| રાંદેર ઝોન | : | સ્વામીનારાયણ મંદિરની સામેનો ઓવારો, અડાજણ | શ્રી સ્વામીનારાયણ મંદિર ટ્રસ્ટ,<br>પર્યાવરણ જાળવણી સેવાસાર્વજનિક ટ્રસ્ટ,<br>અડાજણ યુવક મંડળ, આર્ટ ઑફ લીવીંગ,<br>હરિઓમ ફ્રેન્ડસ કલબ, શિવ મંડળ. |
| વરાછા ઝોન | : | સિધ્ધ કુટીર ઓવારો | સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ<br>સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ<br>સુરત ડાયમંડ એસોસીએશન<br>ઉમિયા પરિવાર ટ્રસ્ટ,<br>સુસંસ્કાર દીપ યુવા મંડળ<br>ગેલ અંબે પરિવાર ટ્રસ્ટ<br>લોક સમર્પણ રકતદાન કેન્દ્ર |
| કતારગામ ઝોન | : | ૧. પાંડવ ઓવારો તથા તેની આજુબાજુનો વિસ્તાર | ગણેશ વિર્સજન મંડળ,ફૂલપાડા<br>વેલકમ કલીયારીટી કલબ,કતારગામ<br>ફૂલપાડા માછી સમાજ<br>ગીતા નગર યુવક વૃંદ<br>ફૂલપાડા તપોધન બ્રાહમણ સમાજ<br>ફૂલપાડા માહયાવંશી સમાજપંચ<br>હરેકૃષ્ણ ટ્રસ્ટ કતારગામ |
| અઠવા ઝોન | : | ઉમરા, કરુણાસાગર મંદિરની પાસેથી હોટલ ગેટવે સુધી. | નેચર કલબ,સુરત<br>કરૂણાસાગર મંદિર ટ્રસ્ટ,<br>તપસ્વી રઘુરામ વ્યાયામ શાળા ટ્રસ્ટ |

સેન્ટ્રલ ઝોનમાં આવેલ ડકકા ઓવારા ખાતે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. કલેકટરશ્રી અને ઈ.ચા. કમિશ્નરશ્રી એ. જે શાહ, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં માછી સમાજ, યંગસ્ટારગૃપ વગેરે સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૨૫ જેટલા સ્વયં સેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૩૦૨ કર્મચારી દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કાદવ, લીલ, જળકુંભી વગેરે જેવા ૧૧૧ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

Continue ...





રાંદેર ઝોનમાં સ્વામી નારાયણ મંદિરની સામેનો ઓવારો, અડાજણ ખાતે મા. સાંસદશ્રી દર્શનાબેન જરદોષ, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા. સ્થાયી સમિતિ ચેરમેનશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં શ્રી સ્વામીનારાયણ મંદિર ટ્રસ્ટ, પર્યાવરણ જાળવણી સેવાસાર્વજનિક ટ્રસ્ટ, અડાજણ યુવક મંડળ, આર્ટ ઓફ લીવીંગ, હરિઓમ ફેન્ડસ કલબ, શિવ મંડળ વગેરે સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૬૩૭ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૪૫ કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કાદવ, લીલ, જળકુંભી વગેરે જેવા ૪૩૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

કતારગામ ઝોનમાં ૧. પાંડવ ઓવારો તથા તેની આજુબાજુનો વિસ્તાર, કતારગામ ખાતે મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની હાજરીમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગણેશ વિર્સજન મંડળ, વેલકમ કલીયારીટી કલબ, ફૂલપાડા માછી સમાજ, ગીતા નગર યુવક વૃંદ, ફૂલપાડા તપોધન બ્રાહમણ સમાજ, ફૂલપાડા માહયાવંશી સમાજપંચ, હરેકૃષ્ણ ટ્રસ્ટ કતારગામ વગેરે સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૧૩૫ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૨૬૫ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કાદવ, લીલ, જળકુંભી વગેરે જેવા ૭૮ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

વરાછા ઝોનમાં સિધ્ધ કુટીર ઓવારા ખાતે મા. ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર), મા. શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, સુરત ડાયમંડ એસોસીએશન, ઉમિયા પરિવાર ટ્રસ્ટ, સુસંસ્કાર દીપ યુવા મંડળ, ગેલ અંબે પરિવાર ટ્રસ્ટ, લોક સમર્પણ રકતદાન કેન્દ્ર વગેરે સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૨૬૫ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૧૪૧ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કાદવ, લીલ, જળકુંભી વગેરે જેવા ૯ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

અઠવા ઝોનમાં ઉમરા, કરુણાસાગર મંદિરની પાસેથી હોટલ ગેટવે ખાતે ઉપસ્થિત મ્યુ. અધિકારીશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવોની હાજરીમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં નેચર કલબ, કરૂણાસાગર મંદિર ટ્રસ્ટ, તપસ્વી રઘુરામ વ્યાયામ શાળા ટ્રસ્ટ વગેરે સેવાભાવી સંસ્થાઓના અંદાજે ૫૦ સ્વયંસેવકો તથા સુરત મહાનગરપાલિકાના ૨૧૫ જેટલા કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કાદવ, લીલ, જળકુંભી વગેરે જેવા ૨૭ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આમ, તાપી નિર્મળોત્સવ અંતર્ગત આજ રોજ શહેરના કુલ ૫(પાંચ) ઓવારા પર શહેરની ૨૫ જેટલી સેવાભાવી સંસ્થાઓના ૧૧૧૪ જેટલા સ્વયંસેવકો અને સુરત મહાનગરપાલિકાના ૧૦૭૦ જેટલા અધિકારી/ કર્મચારીઓ દ્વારા ૧૦ જે.સી.બી., ૫ ડમ્પર, ૩ લોડર, ૧૯ ટ્રક, ૧૬ ટ્રેકટર વિગેરેની મદદથી સફાઈ કામગીરી હાથ ધરી કુલ ૬૬૩ ટન જેટલા કચરાનો નિકાલ કર્યો હતો.

"તાપી નિર્મળોત્સવ" અંતર્ગત યોજાયેલ સફાઈ કાર્યક્રમમાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. કલેકટરશ્રી અને ઈ.ચા. કમિશ્નરશ્રી એ. જે શાહ, ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), મા. સાંસદશ્રી દર્શનાબેન જરદોશ, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા.શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ તથા મહાનગરપાલિકાની વિવિધ સમિતિઓના મા. અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ શહેરીજનોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આવાનારા આગામી ૨ સપ્તાહ સુધી તાપી નિર્મળોત્સવ ને વધુ વેગવાન બનાવવામાં આવનાર છે. અને સુરત મહાનગરપાલિકા "તાપી નિર્મળોત્સવ" ના ઉમદા કાર્યમાં વધુમાં વધુ સંખ્યામાં સેવાભાવી સંસ્થાઓ અને નગરજનો જોડાઈ તે માટે સૌને અપીલ કરે છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની બેસ્ટ કામગીરી માટે એકસેલન્સ ઈન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એવોર્ડ

કોન્ફેડેરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ (**C.I.I.**) અને આંધ્ર પ્રદેશ ટેકનોલોજી ડેવલેપમેન્ટ એન્ડ પ્રમોશન સેન્ટર (**APTDC**) ના સંયુકત ઉપક્રમે સસ્ટેનેબલ સોલ્યુશન ફોર ગ્રીન એન્ડ કલીન અર્થ અંગેનો બે દિવસીય નેશનલ સીમ્પોઝીયમ તા. ૧૧–૧૨/૦૬/૨૦૧૦ ના રોજ હૈદરાબાદ ખાતે યોજવામાં આવેલ હતો. આ સીમ્પોઝીમમાં એક્ષસેલ્સ ઈન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેનો એવોર્ડ જાહેર કરવામાં આવનાર હતો. આ એવોર્ડ માટે અર્બન લોકલ બોડી (**ULB**) અને ઈન્ડસ્ટ્રીઝ (**private Operators**) મળીને કુલ ૯૬(છન્નું) નોમીનેશન દર્જ થયા હતા. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરનારને **JCB-CII-APTDC** એક્ષસેલન્સ ઈન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનો એવોર્ડ આપવામાં આવનાર હતો. દર્જ થયેલા ૯૬ નોમીનેશન પૈકી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ક્ષેત્રમાં થયેલ વિવિધ નોંધપાત્ર કામગીરીઓના આધારે એવોર્ડ કમીટીએ ૮ (આઠ) અર્બન લોકલ બોડી (**ULB**) અને ૧૨ ખાનગી ઈન્ડસ્ટ્રીઝ (**private Operators**) ને શોર્ટ લીસ્ટ કરેલ હતાં. સારો દેખાવ કરનાર આ શોર્ટ લીસ્ટેડ અર્બન લોકલ બોડીમાં નાસીક, પૂને, ન્યુ દીલ્હી, મૈસુર, તેનાલી, સુરત, નવી મુંબઈ તથા મ્યુ. કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈનો સમાવેશ થતો હતો. જે પૈકી ન્યુ દીલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન સેકન્ડ રનર અપ અને તેનાલી મ્યુનીસીપાલીટી (આંધ્ર પ્રદેશ) ફર્સ્ટ રનર તરીકે રહયાં હતા. જયારે સુરત મહાનગરપાલિકાએ એકસેલન્સ ઈન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેના **JCB-CII-APTDC** એવોર્ડના વિજેતા જાહેર કરવામાં આવેલ હતી. કિષ્ના તાજ હોટલ હૈદરાબાદ ખાતે યોજાયેલ સમારંભમાં તા.૧૧/૦૬/૨૦૧૦ના મોડી સાંજે માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને વાણિજય–આંધ્ર પ્રદેશના હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો જેને સુરત મહાનગરપાલિકા વતી શ્રી ઈ.એચ.પઠાણ સોલીડ વેસ્ટ મેનેજરે સ્વીકાર્યો હતો.

**TOP**

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૩૮ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૮ મી નાટય સ્પર્ધા ઓગષ્ટ–સપ્ટેમ્બર માસમાં યોજવામાં આવનાર છે. આ નાટય સ્પર્ધામાં સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો તા.૧૫/૦૬/૨૦૧૦ ના રોજ ઓફિસ સમય દરમ્યાન સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી મળશે. નાટય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે રૂા.૧,૦૦૦/– ની ડીપોઝીટનો ચેક તથા નાટયકૃતિની એક કોમ્પ્યુટરાઈઝડ હાર્ડ કોપી તથા સોફટ કોપી (સીડી) પ્રવેશ ફાર્મ સાથે તા. ૨૫/૦૬/૨૦૧૦ સુધી સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં મોકલી આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

TOP

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૧૫/૦૬/૨૦૧૦ નાં રોજ શહેર વિકાસ ખાતા મારફતે કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૧૯ (કતારગામ), રેવન્યુ સર્વે નં.૧૫૯ પૈકી, ફાઈનલ પ્લોટ નં.૩૨ માં આવેલ વૈકુંઠધામ સોસાયટીમાં ૨૨૩૦ ચો.ફુટ માપવિસ્તારમાં પ્લીન્થ સુધીનું તેમજ ૧૪૦ ચો.ફુટ માપવિસ્તારમાં બીજામાળનું આર.સી.સી.નું ગેરકાયદેસર બાંધકામ દુર કરી ડીમોલીશન ચાર્જ પેટે રૂા. ૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP